# વરસાદી માહોલની જમાવટ સાથે 'ચા'ની ચુસ્કી શહેરીજનોની પ્રથમ પસંદગી

ગાંધીનગર, તા.૨૩

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ....ની પ્રાર્થનાની જેમ ચામેવ માતા ચ પિતા ચામેવ, ચામેવ બંધુ ચ સખા ચામેવ, ચામેવ વિદ્યા, દ્રવિણમ્ ચામેવ, ચામેવ બંધુ, ચ સખા ચામેવ.

આ મંત્ર ચા ના રસિયાઓ માટે યોગ્ય ગણી શકાય. નગરના સરકારની કર્મચારીથી લઈને નાના મોટા દરેક દિવસની શરૂઆત 'ચા'થી જ કરે છે. કદાચ આ કારણોસર જ અમુક ચાને ઉંઘ ઉડાડવાના ઉદ્દેશથી જ પીવે છે એમાંય વર્ષાઋતુના આગમનમાં જો ચા ન પીધી તો તમે શું મજા લીધી? એટલે કે વરસાદના ટપટપ પાણી સાથે ગરમાગરમ ચાની ચુસ્કીની મજા માણવી એ પણ એક લ્હાવો છે.

પાણી પછી માનવીને પીણા તરીકે યાદ આવતું પીણું એટલે ચા. એકબીજાના ઘરે મુલાકાતે જવાનું થાય ત્યારે ચા દરેક સામેથી માંગીને પીવે. અમુકના ઘરે તો મહેમાન આવ્યા નથી ને ચા ગેસ પર પણ ચઢી નથી એવું વાતાવરણ હોય છે. ૧૯મી સદીમાં અમુક વિસ્તારમાં ચા દવા તરીકે અપાતી. આસામ અને તમિલનાડુમાં ઉગતી ચા આજે દરેકના ઘરમાં છે અને આજે તો ચા ઘણા પ્રકારની બને છે જેમાં બ્લેક ટી, ગ્રીન ટી, હર્લબ ટી,



વ્હાઈટ ટી, ઓલાંગ ટી જેવા અનેક પ્રકારમાં દૂધ અને ખાંડના મિશ્રણ વગર ચા બનાવી શકાય છે. ચામાં માનવ શરીરનો ફાયદાકારક 'થીઆફલેવીન' દ્રવ્ય છે. ખાસ હાલની આ ઋતુમાં જુવાનિયાઓ ચાની ચુસ્કી સાથે પોતાના પ્રમનો ઈઝાહર પણ કરે છે. કહેવાય છે કે 'વાલમની મીઠી વાતને એક કપ કડક ચા જો ભળે તો દિવસ ભર તાજગી અનુભવાય છે'.

આ ફિલોસોફીની વાત સાથે નગરમાં આજે અનેક જગ્યાએ ચા વેચાઈ રહી છે. ચા લારી પર પણ મળે છે અને દુકાનમાં પણ. ચા પૈસાથી સસ્તી લાગશે પણ હા ચાની ચુસ્કી ઘણી મોંઘી છે. કોરોના જેવા રોગે દેશમાં દરેકને મ્હાત આપી પણ ચાને મ્હાત ન આપી શકયો. નગરમાં હાલ પણ સચિવાલય, મીનાબજાર, વિવિધ સરકારી ઓફિસના બિલ્ડીંગની બહાર, ઓફિસોની કેન્ટીનમાં અને અમુક સેકટરના કોર્નર પર ચા વેચાય છે અને નગરજનો ચાની ચુસ્કીની લિજ્જત માણે છે. એમાંય આ વરસતા વરસાદમાં ખાસ નાનાથી લઈ મોટા દરેક નગરજનો નાનકડી લટાર મારી ચાની મજા માણતા નજરે ચઢે છે. આ પરથી કહી શકાય કે સર્વ ધર્મ દ્વારા અપનાવાતી ચા નગરજનોનું માનીતું પીણું છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં ગઈ રાત્રિથી જ મેઘ-મ્હેર ચાલુ થઈ હતી અને શહેરમાં લગભગ ઘણા બધા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા તેમજ ભુવા પણ પડયા હતા.

● આજે જુના સેકટરો જેવા કે સે-૨૨માં અને અન્ય સેકટરોમાં દિવસ દરમિયાન વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

● ગાંધીનગર શહેરમાં ૪૫૦૦થી વધુ ઘરોને સેનીટાઈઝેશન હેઠળ તંત્ર દ્વારા આવરી લેવામાં આવ્યા છે.

● ગાંધીનગર શહેરમાં મેલેરિયાના છુટા છવાયા કેસોએ દેખા દેતા તંત્રએ એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આજે સવારે શાખાધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓની સંયુકત બેઠક બોલાવી છે.

●પ્રજાપિતા બ્રહ્માકુમારી કેન્દ્ર સે-૨૮ના વડા પૂ. કૈલાસદીદી આજે ૭૮ વર્ષની વયે કોરોનાને મ્હાત આપી કેન્દ્ર પર પરત ફર્યા છે.

# આજે ગુજકેટની પરીક્ષા કોવિડ સામે જરૂરી તકેદારી રાખવા પણ સુચના

## શિક્ષણમંત્રીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી : રાજયમાંથી ૧૨૭૨૩૦ ઉમેદવારો પરીક્ષા આપશે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગુજકેટના પરીક્ષા સ્થળો પર કોવિડ સામે તમામ સાવચેતી રાખવામાં આવશે. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓને પરીક્ષાની શુભેચ્છા પાઠવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ગુજકેટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. કોરોનાના સંકટ વચ્ચે પરીક્ષાની તારીખમાં અગાઉ ફેરફાર કરવામાં આવ્યો હતો આખરે તા ૨૪ ઓગષ્ટના રોજ ગુજકેટની પરીક્ષા લેવાનુ આયોજન કરવામાં આવતા વિદ્યાર્થીઓ પણ તૈયારીમાં લાગી ગયા હતા. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ ડી એસ પટેલના જણાંવ્યા મુજબ રાજયના જિલ્લા મથકે ૩૪ કેન્દ્રો પર ગુજકેટની પરીક્ષા લેવાશે. જયારે આ પરીક્ષામાં કુલ ૧૨૭૨૩૦ ઉમેદવારો નોંધાયા છે. આ પરીક્ષા માટે ૬૨૧ પરીક્ષા બિલ્ડીંગોમાં ૬૪૩૧ પરીક્ષાખંડોમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગુજસેટની પરીક્ષાને અનુલક્ષી શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે. ગુજકેટની પરીક્ષા પુર્ણ થયા બાદ માર્ચ ૨૦૨૦ માં ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા પણ લેવાશે. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષા તા ૨૫ થી ૨૭ ઓગષ્ટ દરમિયાન યોજવામાં આવશે. ધો -૧૦ ની પુરક પરીક્ષામાં પણ ૧૩૧૯૦૧ ઉમેદવારો પરીક્ષા આપશે. જેમાં ૬૨૩ પરીક્ષા સ્થળો અને ૬૧૯૨ પરીક્ષાખંડોનો ઉપયોગ થશે. કોરોનાની મહામારીના સંજોગોમાં યોજનારી પરીક્ષા દરમિયાન શિક્ષણ વિભાગના અગ્ર સચિવ દ્વારા જિલ્લા કેલેકટર, મ્યુનિ કમિશ્નર તેમજ જિલ્લા શિક્ષણાધિકારીઓને જરૂરી સાવચેતી રાખવા રાખવા સુચના આપવામાં આવી છે. પરીક્ષા દરમિયાન પણ પરીક્ષા સ્થળો પર સોશિયલ ડિસ્ટન્સીંગ, સેનીટાઈઝેશન , થર્મલગનથી ટેમ્પરેચર ચેકીંગ અને માસ્ક ફરિજયાત સહીતના નિયમોનુ પાલન કરવાનુ રહેશે. જયારે આ વ્યવસ્થાઓની ચકાસણી માટે ઓબર્ઝવરની નિમણુંક પણ કરવામાં આવી છે.

# બી.કે. કૈલાશદીદીએ કોરોનાને મ્હાત આપી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં કોરોના સંક્રમણ કેસોની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે તેની સામે કોરોના મહામારીને મ્હાત આપી રહેલા દર્દીઓમાં પણ વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં શહેરના સેક્ટર-૨૮માં બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિદ્યાલયના સંચાલિકા પૂ. બી.કે. કૈલાશદીદી કોરોનાગ્રસ્ત થયાં હતા જેને કારણે શહેરના આધ્યાત્મિક અને સામાજિક આલમમાં ચિંતાની સ્થિતિ જોવા મળી હતી. જો કે કૈલાશદીદીએ કોરોનાને મ્હાત આપી છે અને રવિવારે બપોરે તેઓને હોસ્પિટલમાંથી કોરોના મુક્ત જાહેર કરી રજા આપી દેવામાં આવ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે પૂ. કૈલાશદીદીને કોરોનાની સારવાર માટે શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે તેઓ સેક્ટર-૨૮ ખાતેના બ્રહ્માકુમારીઝ કેન્દ્રમાં પરત ફર્યા છે અને તેઓ તદ્દન સ્વસ્થ છે. આ સમાચારથી પૂ. કૈલાશદીદીના અનુયાયીઓ તેમજ સમગ્ર બ્રહ્માકુમારીઝ કેન્દ્રો અને શહેરમાં આધ્યાત્મિક-સામાજિક ક્ષેત્રે રાહતની લાગણી પ્રસરવા પામી છે. પૂ. કૈલાશદીદી ૧૦ દિવસ કોરોન્ટાઈન રહેશે અને પૂ. દીદીએ તેમના શુભેચ્છકોનો પ્રાર્થના કરવા બદલ આભાર માન્યો છે.

# અડાલજ પાસેથી ૨૮ પશુઓને બચાવાયા

## પોલીસે ૨૮ પશુઓ સહિત કુલ ૪.૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાલજ નજીક ડિવાઈન ચાઈલ્ડ સ્કુલ પાસેથી ગેરકાયદેસર પશુ ભરેલી ટ્રક ઝડપી પાડી છે. બે ટ્રકમાં ગેરકાયદેસર રીતે લઈ જવાતા ૨૮ પશુઓને બચાવી લેવામાં આવ્યા છે. શહેરના સેકટર-૧૨ ના યુવાને શંકાસ્પદ લાગતા બે ટ્રકને રોકી તેમાં તપાસ કરતા હલનચલન ન કરી શકે તે પ્રકારે પશુઓને બાંધેલા હતા. બનાવ અંગે અડાલજ પોલીસે રૂ.૪.૬૫ લાખના ૨૮ પશુ, તેમજ રૂ.૮ લાખની કિંમતના બે ટ્રક જપ્ત કરી પાંચ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૨ સિવિલ કેમ્પસ ખાતે રહેતા એક જાગૃત યુવકે ૨૮ પશુઓનો જીવ બચાવી લીધો હતો. યુવક પોતાની કાર લઈને કલોલ થી અમદાવાદ તરફ જઈ રહ્યો હતો. તે સમયે શંકાસ્પદ લાગતી બે ટ્રકને અડાલજ ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ પાસે ઉભી રાખી હતી અને તપાસ કરતા પશુઓ મળી આવ્યા હતા. જેથી યુવકે પોલીસને જાણ કરી બોલાવી હતી. પોલીસ દ્વારા બે ટ્રકને અડાલજ ખાતે લઈ આવ્યા હતા. જેમાં જી.જે.૦૮.ડબલ્યું.-૨૨૧૫ નંબરના ટ્રકમાં તપાસ કરતા અંદરથી ૯ પશુ અને ત્રણ બચ્ચા મળી આવ્યા હતા. જયારે એમ.એચ.૪૮.બી.એમ.-૫૫૪૮ નંબરના ટ્રકમાંથી પણ ૯ પશુ અને ૭ બચ્ચા મળી આવ્યા હતા. પોલીસે બે ટ્રકમાં બેઠેલા વ્યકિતના નામ પુછતા પાટણ ગામના રહેવાસી ફૈસલ અયુબભાઈ શેરસીયા, રહમત મોહંમદ શેરસીયા, જાવેદ હબીબ સુલીયા, ઈમ્તીયાઝ ગુલામ પરાસરા, હિદાયતુલ્લા મોહંમદ શેરસીયા હોવાનું ધ્યાને આવ્યું હતું. આરોપીઓએ ટ્રકમાં પશુઓને ક્રુરતાપૂર્વક બાંધી રાખેલા હતા અને ઘાસચારો કે પાણીની પણ વ્યવસ્થા ન હતી. જયારે પશુઓ ક્યાંથી લાવ્યા હતા અને કોને આપવાના હતા. તે મુદ્દે પણ તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. અડાલજ પોલીસે રૂ.૪.૬૫ લાખના ૨૮ પશુ તેમજ રૂ.૮ લાખની કિંમતના બે ટ્રક, કબ્જે લઈ પોલીસે તમામ સામે પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં થઈ રહેલા સાર્વત્રિક વરસાદ સંદર્ભે સર્વગ્રાહી સમીક્ષા કરતા મુખ્ય સચિવ ડૉ. અનિલ મુકીમ

### સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ જોડાયા

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં વરસી રહેલા સાર્વત્રિક વરસાદને પરિણામે સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા અને આગોતરા આયોજન



માટે મુખ્ય સચિવ શ્રી ડો. અનિલ મૂકીમે આજે રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા અને તમામ પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્યનું વહીવટી તંત્ર સુસજ્જ છે તેમ જણાવ્યું હતું.

રાહત કમિશનર શ્રી ડો. હર્ષદ પટેલે સમીક્ષા બેઠક બાદ મીડિયાને વિગતો આપતા કહ્યું કે, આગામી બે દિવસમાં ઉત્તર ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રના અમુક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ થવાની હવામાન વિભાગની આગાહી છે. સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્યનું અને સ્થાનિક વહીવટીતંત્ર સુસજ્જ છે. ઉપરાંત ૧૩ NDRFની ટીમો તૈનાત કરી દેવાઈ છે. અને SDRFની ૧૧ તથા NDRFની ૦૨ ટીમો એમ અન્ય ૧૩ ટીમો રિઝર્વ રાખવામાં આવી છે.

શ્રી પટેલે ઉમેર્યું કે રાજ્યમાં અતિભારે વરસાદ થવાની આગાહી છે. જેમાં આગામી તા.૨૩ અને તા.૨૪ ઓગસ્ટે બનાસકાંઠા, પાટણ, મોરબી અને કચ્છ જિલ્લામાં ભારે વરસાદની સંભાવનાને પરિણામે સ્થાનિક વહીવટી તંત્રને સતર્ક રહેવા સૂચનાઓ જારી કરી દેવાઈ છે. એ જ રીતે આગામી બે દિવસમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા,પાટણ, મહેસાણા સાબરકાંઠા, ગાંધીનગર અને અરવલ્લી જિલ્લાઓમાં તથા પૂર્વ મધ્ય ગુજરાતના દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર, ખેડા, અમદાવાદ, પંચમહાલ અને વડોદરા. દક્ષિણ ગુજરાતના નર્મદા, ભરૂચ અને સુરત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના જુનાગઢ, દેવભૂમિ દ્વારકા, કચ્છ સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર પોરબંદર, મોરબી સહિતના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જેના આધારે સમગ્ર સ્થિતિ પર રાજ્યકક્ષાએથી સતત મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. આજે યોજાયેલી બેઠકમાં મુખ્ય સચિવ શ્રી દ્વારા જરૂરી સમીક્ષા અને સૂચનો કરાયા હતા.

પટેલે ઉમેર્યું હતું કે, રાજ્યમાં ૫૭ તાલુકાઓ એવા છે કે જેમાં મોસમનો ૧૦૦૦ મીમી થી વધુ વરસાદ વરસ્યો છે. એ જ રીતે ૧૨૯ તાલુકાઓમાં ૫૦૧ થી ૧૦૦૦ મીમી સુધી, ૬૩ તાલુકાઓમાં ૨૫૧ થી ૫૦૦ મીમી સુધી અને માત્ર બે તાલુકામાં ૧૨૬ થી ૨૫૦ મીમી સુધી વરસાદ વરસ્યો છે. જ્યારે એક પણ તાલુકો એવો નથી કે જ્યાં પાંચ ઈંચથી ઓછો વરસાદ વરસ્યો ના હોય. આમ સમગ્ર રાજ્યમાં મોસમનો સરેરાશ વરસાદ ૯૪.૫૭ ટકા જેટલો થઈ ગયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૬૨.૮૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૨૩.૫૯ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૮૬.૧૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૫.૧૫ ટકા અને પૂર્વ મધ્ય ગુજરાતમાં ૭૩.૭૭ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

પટેલે ઉમેર્યુ ઉમેર્યુ કે, રાજ્યમાં થયેલ સારા વરસાદના પરિણામે સરદાર સરોવર ડેમમાં હાલ ૨,૦૩,૨૩૭ MCFT જળસંગ્રહ થયો છે, જે કુલ સંગ્રહશક્તિના ૬૦.૮૩ ટકા જેટલો છે. હાલ ૧૨૪.૫૨ મીટરે જળ સપાટી છે. તે ઉપરાંત રાજ્યના ૨૦૫ જળાશયો પૈકી ૧૦૮ જળાશયો હાઈ એલર્ટ પર, ૧૪ જળાશયો એલર્ટ પર અને ૧૭ જળાશયોને વોર્નિંગ આપવામાં આવી છે. ૧૦૦ ટકાથી વધુ ભરાયેલા ડેમ ૬૮ છે. રાજ્યમાં કુલ ૪૪ નદીઓ અને ૪૧ મોટા તળાવ ઓવરફ્લો થયા છે.

- સમગ્ર રાજ્યમાં આગામી બે દિવસમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી : ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં અતિ ભારે વરસાદની આગાહી
- રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૯૪.૫૭ ટકા : સૌથી વધુ કચ્છ ઝોનમાં ૧૬૨.૬૧ ટકા
- રાજ્યમાં દ્ગઙ્ઘઇહ્લની ૧૩ ટીમો તૈનાત : દ્ગઙ્ઘઇહ્લ-જીઙ્ઘઇહ્લની અન્ય ૧૩ ટીમો સ્ટેન્ડબાય
- રાજ્યના ૧૦૮ જળાશયો હાઈ એલર્ટ, ૧૪ જળાશયો એલર્ટ અને ૧૭ જળાશયોને વોર્નિંગ અપાઈ
- ૪૪ નદીઓ અને ૪૧ મોટા તળાવ ઓવરફલો
- સારા વરસાદને પરિણામે રાજ્યભરમાં ૯૫ ટકા જેટલું વાવેતર

# સિદ્ધાંતના આગ્રહી સીઆર પાટીલની રાજકીય વ્યૂહરચના ભાજપને કોંગ્રેસ મુક્ત કરવાની છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાત ભાજપમાં નવો બદલાવ આવ્યો છે જેને પાર્ટીના જૂના કાર્યકરો ૨૫ વર્ષ પહેલાંની સિદ્ધાંત અને કેડરબેઝ પાર્ટીના રૂપમાં જોઈ રહ્યાં છે. પ્રદેશ પ્રમુખનું પદ સંભાળ્યા પછી ગુજરાતના વિવિધ વિસ્તારોની મુલાકાતને જોતાં સીઆર પાટીલ પાર્ટીના કાર્યદક્ષ કાર્યકરોને એકજૂથમાં રાખીને કોંગ્રેસ મુક્ત ભાજપનો ખ્યાલ ધરાવતા હોય તેવી છાપ ઉપસી આવી છે પરંતુ અત્યારે ભાજપના ખેતરમાં ભેલાણ થઈ ગયું છે. કોંગ્રેસમાંથી આવેલા અને સીધા મંત્રી બની ચૂકેલા નેતાઓથી સરકાર પરેશાન છે ત્યારે પાર્ટી પ્રમુખનો દાવ સફળ થાય તેવા સંકેતો મળી રહ્યાં છે. સાંસદ બન્યાં પછી સીઆર પાટીલ હાઈકમાન્ડની વધારે નજીક સરકી ગયા છે જેનો તેમને આ શિરપાવ મળ્યો છે. પાર્ટીમાં ઘૂસેલાં દૂષણને દૂર કરવાના ખ્વાબ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં પહેલીવાર જ્ઞાતિને નહીં વિસ્તારને પ્રતિનિધિત્વ આપ્યું છે

તેઓ ધરાવે છે. પાર્ટીનું હાઈકમાન્ડ તેમને નવા બદલાવમાં કેટલો છૂટો દોર આપે છે તેના પર પાટીલની સફળતા નિર્ભર છે. અત્યારે ભાજપમાં ૩૫ ટકા ફાલ કોંગ્રેસમાંથી આવ્યો છે જેને એકસાથે કાઢવો મુશ્કેલ છે પરંતુ નામૂમકીન નથી. ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી સુધીમાં મૂળ ભાજપ સાથે જોડાયેલા સિસ્તબદ્ધ જૂના કાર્યકરો અને નેતાઓને ટિકીટ મળે તેવી પાટીલ ઈચ્છા ધરાવે છે. એક મહિનામાં તેમણે સૂચવેલા સુધારા અને આદેશને જોવામાં આવે તો તેઓ સરકાર અને પાર્ટીમાં નવાજૂની કરવાના અણસાર આપી જાય છે. તેમના પ્રમુખપદનો લિટમસ ટેસ્ટ આવનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી છે, જેની પર હાઈકમાન્ડની બારીકાઈથી નજર છે.

**સચિવાલયમાં જીઆર પછી સીઆર છવાયા છે...**

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલનું નામ પડે એટલે સચિવાલયમાં સોંપો પડી જાય છે. સરકારી વિભાગોમાં જીઆર પહેલાં સીઆરનું નામ જીભે ચઢી રહ્યું છે, કેમ કે કર્મચારીઓ એવું માની રહ્યાં છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચોઈસ હોવાથી સીઆર પાટીલને નારાજ કરી શકાય નહીં. પોતાના બોલ્ડ નિવેદનોથી પાર્ટીમાં પ્રચલિત થવાનો પ્રયાસ કરતા સીઆર પાટીલ સાથે સંસદસભ્યો, ધારાસભ્યો તેમજ રૂપાણી કેબિનેટના મંત્રીઓ પણ સબંધો ડેવલપ કરી રહ્યાં છે, કારણ કે આ તમામને ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણીની ટિકીટ જોઈએ છે. ચૂંટણી કે પદ માટે કોઈ નેતાની ભલામણ આવે તે પહેલાં સીઆર પાટીલે જાહેર કરી દીધું છે કે ''કોઈની ભલામણ હશે તો ટિકીટ નહીં મળે...'' ભાષામાં નરેન્દ્ર મોદી જેવો લહેકો નથી પરંતુ તેઓ લોકોને શબ્દોના ચાબખાથી ડર દેખાડી રહ્યાં છે. પાર્ટીના પાયાના કાર્યકર્તાઓને એવું લાગી રહ્યું છે કે ગુજરાતમાં સરકાર અને સંગઠનને સુધારવા માટે મોદીએ કોઈ દૂત મોકલ્યા છે.

**મોદીએ રાજ્યના ચાર ઝોનમાં પ્રતિનિધિ આપ્યાં...**

દેશના કોઈપણ પ્રદેશમાં જ્યારે વિધાનસભા કે લોકસભાની ચૂંટણી લડવામાં આવે છે ત્યારે પાર્ટી પહેલાં જ્ઞાતિને મહત્વ આપે છે. વિવિધ સમાજમાં મજબૂત વર્ચસ્વ ધરાવતી જ્ઞાતિના ઉમેદવારને હંમેશા પસંદ કરવામાં આવે છે. એવી જ રીતે કોઈ પાર્ટી તેની સરકારમાં કેબિનેટની રચના કરે છે ત્યારે જ્ઞાતિની સાથે વિસ્તાર જોવામાં આવે છે. દેશની બીજી પાર્ટીઓ તો જ્ઞાતિવાદને છોડી શકી નથી પરંતુ મોદીનું ભાજપ દેશ અને ગુજરાતમાં બદલાઈ રહ્યું છે. ભાજપ લોકપ્રિયતાની ટોચ પર હોવાથી હાઈકમાન્ડ જે નક્કી કરે તે પ્રમાણે થાય છે. ગુજરાતમાં જે નિયુક્તિ થઈ છે તેનાથી રાજકીય પાર્ટીઓને આશ્ચર્ય થયું છે, કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં એક નવો ચિલો પાડ્યો છે. તેમણે જ્ઞાતિ નહીં વિસ્તારને મહત્વ આપ્યું હોવાની છાપ ઉપસી આવી છે. મોદીએ સરકાર અને સંગઠનમાં જ્ઞાતિને મહત્વ આપ્યું નથી પરંતુ તેમણે રાજ્યના વિસ્તારને બેલેન્સ કર્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી સૌરાષ્ટ્રના છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ઉત્તર ગુજરાતમાંથી આવે છે. વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી મધ્ય ગુજરાતના છે જ્યારે પાર્ટીના નવા પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ દક્ષિણ ગુજરાતના પ્રતિનિધિ છે. ભાજપમાં પહેલીવાર વિસ્તારનું બેલેન્સ જોવા મળે છે, જ્ઞાતિ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું નથી.

**''ભાઉ'' ભ્રષ્ટાચાર દૂર કરવા રૂપાણીને મદદ કરો...**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી કહે છે કે મારી સરકારમાંથી ભ્રષ્ટાચાર નિર્મૂલન માટે મેં અનેક કદમ ઉઠાવ્યા છે પરંતુ ભ્રષ્ટાચારને દૂર કરવો હોય તો પહેલાં લાંચ લેનાર કરતાં લાંચ આપનાર વ્યક્તિ સામે વોચ રાખવાની જરૂર છે. લોકો સુધરી જશે તો અધિકારી કે કર્મચારીઓ આપોઆપ લાંચ લેતા બંધ થશે. સરકારે લાંચ લેનારની સાથે લાંચ આપનાર સામે પણ કડક પગલાં ભરવા જોઈએ. બીજી તરફ પાર્ટીમાં

## ભ્રષ્ટાચાર નાબૂદ કરવા સરકારની સાથે પાર્ટીના પ્રદેશ પ્રમુખ પણ મહત્વની ભૂમિકા ભજવી શકે

પરિવર્તન લાવવાની વાતો કરતા પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે મુખ્યમંત્રીને સહયોગ આપવો જોઈએ. ૧૯૯૫માં કેશુભાઈ પટેલના નેતૃત્વમાં જ્યારે ભાજપની પહેલી સરકાર બની ત્યારે સરકાર અને સંગઠન વચ્ચે એવું સંકલન હતું કે જે છેલ્લા ૨૪ વર્ષમાં જોવામાં આવ્યું નથી. એ સમયે સરકારની જવાબદારી બે સરખા ભાગમાં વહેંચવામાં આવી હતી. એટલું જ નહીં સંગઠનના આગેવાનોને સરકારમાં બહોળું પ્રતિનિધિત્વ પણ આપવામાં આવ્યું હતું. સરકારના બોર્ડ-કોર્પોરેશનમાં રાજકીય નિયુક્તિના વિચાર સાથે સીઆર પાટીલ પણ એ રસ્તે જઈ રહ્યાં છે. હકીકતમાં તેમણે પાર્ટીના કાર્યદક્ષ કાર્યકર્તાઓને સાથે રાખીને સરકારમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવાનું અભિયાન શરૂ કરાવવું જોઈએ. સીઆરનો દાવો છે કે ગુજરાત ભાજપમાં ૧.૨૫ કરોડ કાર્યકર્તાઓની ફોજ છે. જો આટલી સંખ્યા હોય અને તેઓ સરકારમાં ઈન્વોલ હોય તો કોઈ અધિકારી કે કર્મચારીની હિંમત નથી કે લાંચનો એક રૂપિયો પણ લોકો પાસેથી પડાવી શકે. આજે તો સરકારમાં એવું જોવામાં આવે છે કે ભાજપના કાર્યકરોને પણ અંગત કામ કરાવવું હોય તો લાંચિયા અધિકારી કે કર્મચારીને મોટી દક્ષિણા આપવી પડે છે.

**રામ મંદિર નિર્માણ તો શરૂ થયું, હવે રામરાજ્ય લાવો...**

ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત સરકારના નારા સાથે ૧૯૯૫માં ભાજપે તેની ઈનિંગ્સ શરૂ કરી હતી, આજે ગુજરાતમાં ભાજપની સરકારને શંકરસિંહ વાઘેલાના ૪૯૮ દિવસોને બાદ કરતાં ૨૪ વર્ષ થયાં છે. ભાજપના કાર્યકરોને યાદ છે કે જ્યારે કેશુભાઈની શપથવિધિ થઈ હતી ત્યારે આખું ગુજરાત આ સમારોહમાં પ્રતિનિધિત્વ કરતું હતું. એ સમયે રચાયેલી કેબિનેટના મંત્રીઓએ સચિવાલયમાં તેમની ચેમ્બરો લોકો માટે ખુલ્લી મૂકી હતી. મંત્રીઓના સરકારી નિવાસસ્થાનમાં કોઈપણ વ્યક્તિ આસાનીથી પ્રવેશ મેળવી શકતો હતો. વીકએન્ડમાં મહેન્દ્ર ત્રિવેદી જેવા મંત્રીઓ હનુમાન ચાલીસાના પાઠ કરાવતા હતા. સપ્તાહમાં એક દિવસ રાજ્યના નામી કલાકારોનો ડાયરો જોવા મળતો હતો. હરેન પંડ્યા તેમની ચેમ્બરની બહાર ફરિયાદ પેટી રાખતા હતા અને તેમાં જે કોઈ ફરિયાદ આવે તેનો ત્વરીત નિકાલ કરતા હતા. જયનારાયણ વ્યાસની ચેમ્બર તો ડોક્ટરની ઓપીડીની જેમ કામ કરતી હતી. સવજી કોરાટ માર્ગ-મકાનના કામોનું સ્કૂટર બેસીને જાતે ચેકીંગ કરતા હતા. જસપાલસિંહે પોલીસ કેડરને સુધારવા અનેક ભલામણો કરી હતી. આજે મંત્રીઓની ચેમ્બરો અને નિવાસસ્થાન જેલ જેવા બની ગયાં છે. લોકોને આસાનીથી પ્રવેશ નથી. ''આપણી સરકાર'' ની અનુભૂતિ ત્યારે જોવા મળશે ત્યારે મંત્રીઓ જનતા સાથે સીધા સંપર્કમાં આવશે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પાર્ટીના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ આ દિશામાં વિચારશે તો પાટીલના-- ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨ બેઠકો જીતવાના-- શબ્દો સાચા પડશે. અયોધ્યામાં રામ મંદિર તો બનવાનું શરૂ થયું છે પરંતુ ગુજરાતની જનતા ખરા અર્થમાં ''રામરાજ્ય'' માગી રહી છે.

## સચિવાલયમાં જીઆર પહેલાં સીઆરનું વર્ચસ્વ, MP, MLA અને મંત્રીઓ કહે છે – ડરના જરૂરી હૈ